# Visit of Foreign Secretary of UK to India (December 14-17, 2020)

December 14, 2020

## યુકેનાં વિદેશ સચિવની ભારતની મુલાકાત (ડીસેમ્બર 14-17, 2020)

ડીસેમ્બર 14, 2020

1. યુનાઈટેડ કિંગ્ડમનાં વિદેશ, કોમનવેલ્થ અને વિકાસની બાબતોનાં સેક્રેટરી ઑફ સ્ટેટ માનનિય સાંસદ ડોમિનિક રાબ 14-17 ડીસેમ્બર 2020 નાં રોજ ભારતની અધિકૃત મુલાકાત લેશે.

2. નવી દિલ્હીમાં તેઓનાં રોકાણ દરમિયાન, શ્રીમાન રાબ દ્વારા 15 ડીસેમ્બર 2020 નાં રોજ પારસ્પરિક હિતનાં દ્વિપક્ષી, પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર સાથે વાર્તાલાપો યોજવામાં આવશે. તેઓ પર્યાવરણ, જંગલો અને આબોહવાનાં ફેરફારની બાબતોનાં મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર અને શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ સાથે પણ અધિકૃત બેઠકો કરશે.

3. આ મુલાકાતનાં ભાગરૂપે, શ્રીમાન રાબ બેંગલુરુનો પ્રવાસ કરશે જ્યાં તેઓ 17 ડીસેમ્બર 2020 નાં રોજ કર્ણાટકનાં મુખ્ય મંત્રીને મળશે.

4. ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ 2004 થી વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે જે નિયમિત ઉચ્ચ સ્તરનાં આદાન-પ્રદાનો અને વિવિધ ક્ષેત્રોમાં વધી રહેલા સહકારથી અંકિત છે. શ્રીમાન રાબની મુલાકાત કોવિડ-બાદનાં, બ્રેક્ઝિટ-બાદનાં સંદર્ભમાં. વ્યાપાર, સંરક્ષણ, સ્થળાંતરણ અને આવાગમન, શિક્ષણણ અને આરોગ્યનાં ક્ષેત્રોમાં ભાગીદારી વધારે મજબૂત કરવા માટેનો માર્ગ કંડારશે.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 14, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.